# Exchange of list of prisoners between India and Pakistan

July 01, 2020

## ભારત અને પાકિસ્તાન વચ્ચે કેદીઓની યાદીનું આદાન-પ્રદાન

જુલાઇ 01, 2020

આજે ભારત અને પાકિસ્તાને નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં રાજદ્વારી ચેનલો મારફત તેઓનાં કબ્જામાં રહેલા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીઓનું આદાન-પ્રદાન કર્યું. આ 2008 ની સમજૂતિની જોગવાઈઓનાં અનુપાલનમાં છે જેનાં અંતર્ગત દર વર્ષે 1 જાન્યુઆરી અને 1 જુલાઇનાં રોજ આવી યાદીઓનું આદાન-પ્રદાન કરવામાં આવે છે.

ભારતે પોતાનાં કબ્જામાં રહેલા 265 પાકિસ્તાની નાગરિક કેદીઓ અને 97 માછીમારોની યાદીઓ પાકિસ્તાનને સોંપી છે. તેવી જ રીતે, પાકિસ્તાને પોતાનાં કબ્જામાં રહેલા 54 નાગરિક કેદીઓ અને 270 માછીમારોની યાદીઓ સોંપી છે, જેઓ ભારતીયો છે અથવા ભારતીયો હોવાનું માનવામાં આવે છે.

ભારત સરકારે નાગરિક કેદીઓ, ગુમ થયેલા ભારતીય સુરક્ષા જવાનો અને માછીમારોને તેઓની હોડીઓ સાથે પાકિસ્તાનનાં કબ્જામાંથી વહેલા મૂક્ત કરવા અને સ્વદેશ પરત મોકલવા આહ્વાન કર્યું છે. આ સંદર્ભમાં પાકિસ્તાનને એવા 7 ભારતીય કેદીઓ અને 106 ભારતીય માછીમારોને તાકીદે મૂક્ત કરવા અને સ્વદેશ પરત મોકલવા કહ્યું હતું જેઓની રાષ્ટ્રિયતાની પુષ્ટિ કરવામાં આવી છે અને પાકિસ્તાનને જાણ કરાઇ છે. વધુમાં, પાકિસ્તાનનાં કબ્જામાં રહેલા ભારતીય માછીમારો અને ભારતીય હોવાનું માનવામાં આવી રહેલા 18 નાગરિક કેદીઓને તાત્કાલિક દૂતાવાસની સુલભતા પ્રદાન કરવા માટે કહેવામાં આવ્યું છે.

સરકારે પાકિસ્તાન પાસે એવી માંગણી કરી છે કે તેઓ તબીબી નિષ્ણાંતોની ટીમનાં સભ્યોને વિઝા આપવામાં ઝડપ કરે અને પાકિસ્તાનની વિવિધ જેલોમાં બંધ ભારતીય હોવાનું માનવામાં આવતા અસ્વસ્થ મનનાં કેદીઓની માનસિક સ્થિતિનું આકલન કરવા તેઓની પાકિસ્તાનની મુલાકાતની સુવિધા પ્રદાન કરે; સંયુક્ત ન્યાયિક સમિતિની પાકિસ્તાનની મુલાકાત વહેલા આયોજીત કરે; અને ભારતીય માછીમાર હોડીઓને મૂક્ત કરવા અને સ્વદેશ પરત મોકલવાનાં સંબંધમાં 4-સભ્યોની ટીમની કરાંચીની મુલાકાત વહેલી યોજવામાં આવે.

ભારત એકબીજાનાં દેશમાં રહેલા કેદીઓ અને માછીમારો સંબંધિત બાબતો સહિત, તમામ માનવીય બાબતોને, પ્રાથમિકતાનાં ધારણે, સંબોધિત કરવા કટિબદ્ધ છે. આ સંદર્ભમાં, ભારતે પાકિસ્તાનને આગ્રહ પણ કર્યો હતો કે પાકિસ્તાન દ્વારા રાષ્ટ્રિયતાની પુષ્ટિની માટે જેઓનું સ્વદેશ પરત ફરવાનું પડતર છે તેવા માછીમારો સહતિનાં 88 પાકિસ્તાની કેદીઓની રાષ્ટ્રિયતાની સ્થિતિની પુષ્ટિ તેનાં તરફથી કરવા માટે જરૂરી પગલાઓ લેવામાં ઝડપ કરે.

**નવી દિલ્હી**
**જુલાઈ 01, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.